<u>**પ્રેસનોટ :-**</u>

# "માનવમિત્ર અભિયાન"

અમદાવાદ શહેર ટ્રાફીક પોલીસના અધિક પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક નાઓ દ્વારા અમદાવાદ શહેરને ગતિશીલ અને પ્રગતિશીલ રાખવા માટે "માનવમિત્ર અભિયાન" ની પહેલ કરેલ છે. જે અન્વયે અમદાવાદ શહેર ટ્રાફીકના કર્મયોગીઓ દ્વારા ફરજની સાથોસાથ માનવીય સેવાવૃત્તિ અને સમાજ ઉપયોગી કાર્યો કરવા કટીબદ્ધ રહેવા અમદાવાદ શહેર ટ્રાફીક હંમેશને માટે તૈયાર છે. જેના ભાગરૂપે આજ રોજ સુભાષબ્રીજ ઉપર બપોરના આશરે ૧૨.૦૦ વાગ્યે એક મહીલા પોતાનાં ઘર-કંકાશના કારણે નદીમાં ઝંપલાવવા જઇ રહ્યાં હતા જે દરમ્યાન કોઇ એક રિક્ષાવાળાએ સુભાષબ્રીજ સર્કલ ખાતે ટ્રાફીક નિયમનની ફરજ બજાવતાં ટ્રાફીક પોલીસ કર્મચારીઓ હે.કો. પોપટભાઇ તથા પો.કો. યોગેશકુમાર નાઓને આ બાબતની જાણ કરતાં તેઓ બન્ને કર્મચારીઓએ બનાવની ગંભીરતાને ધ્યાને લઇ તુર્તજ ઉપરોક્ત જગ્યાએ પહોંચી આ મહીલાને નદીમાં ઝંપલાવવા જતાં રોકી લીધેલ અને તેમને સહાનુભુતિ પૂર્વક સમજાવી ટ્રાફીક બૂથ ખાતે લાવી ૧૮૧ મહીલા હેલ્પ લાઇનનો સંપર્ક કરી તેમનાં પરિવાર જનોને બોલાવી તેઓના પરિવાર સાથે સંપર્ક કરાવી એક અમૂલ્ય માનવી જીવન બચાવી ઉમદાભરી કામગીરી કરેલ હોઇ સર્વે સમાચાર પત્રોને જાણ સારુ........

અમૂલ્ય જીવન બચાવનાર ટ્રાફીક પોલીસ કર્મચારીઓ






**"અધિક પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક નાઓના આદેશથી"**

**(એસ.કે.ગઢવી)**<br>
પોલીસ સબ ઈન્સપેક્ટર<br>
રીડર ટુ અધિક પોલીસ કમિશ્નર<br>
ટ્રાફીક, અમદાવાદ શહેર

પ્રતિ,

પી.આર.ઓ. શ્રી,

પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, શાહીબાગ, અમદાવાદ શહેર